| | | |
|---|---|---|
| वर्ष : २० | सने : २०२२ | सं.२०७८ |
| अंक : २, | સળંગ અંક-१२३ | भाद्रपद-सप्टेम्बर |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૨ સં.૨૦૭૮
અંક : ૨ ભાદરવો-સપ્ટેમ્બર સળંગ અંક-૧૨૩



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ અહો નવકાર
★ હે વરેણ્ય ગુણનિધિ !
★ જ્ઞાન, જ્ઞાની - ૧
★ પત્ર


## આર્ષવાણી

**बध्दं यद्येन क्रोधेन,**
**वचसा पूर्वजन्मनि ।**
**रुदद्भिर्वेद्यतेडवश्यं,**
**तत्कर्मेह शरीरिभिः ।।**

પૂર્વભવમાં વચનદ્વારા ક્રોધથી જે કર્મ બાધ્યું હોય તે જીવોને રડતાં રડતાં પણ અવશ્ય ભોગવવું પડે છે !

- ઉપદેશપ્રાસાદ

ઊડીને પડતા જીવોની રક્ષા માટે સાધુને (શ્રાવકને) મુહપત્તિની જરૂર જણાય છે. ભોજનને વિષે રહેલા જીવોની જયણા માટે રજોહરણની જરૂર જણાય છે.



## ★ અહો નવકાર !!! ★★★

- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

(ગતાંકથી) માર્ગના બોધવાળા, સન્માર્ગે રહેલા, વ્રત-મહાવ્રતની નિષ્ઠા, વાળા સાત્ત્વિક મહાપુરુષો (અને મહાસતીઓ) પોતાના સ્વીકારેલા તે પથથી ; ગમે તેવા ઉપસર્ગો આવે, ગમે તેવી પરીષહની મોટી સેના સામે ઊભી થઇ જાય... અરે ! મોતની સર્વોત્કૃષ્ટ પીડા આવી જાય, વર્તમાન દુનીયાથી અલવિદા કરાવી દે... તોય સમજીને સ્વીકારેલા માર્ગનો તેઓ ત્યાગ કરતા નથી. બચવા માટે માર્ગ વિરુદ્ધ, વ્રતવિરુદ્ધ રસ્તો સ્વીકારતા નથી ! પસંદ કરતા નથી ! નાશવંત ઇન્દ્રિયો, મન, ભૌતિકસમૃદ્ધિ વગેરે કરતાં તેમના મનમાં શાશ્વત આત્માને અને તેનાં કારણભૂત અધ્યાત્મભાવને જીવંત રાખવાનો ભાવ વધુ સમૃદ્ધ હોય છે, વધારે બળવાન હોય છે. જીવ ક્યાંય પણ જશે..ત્યાં શરીર તો ફરી-ફરી (પ્રત્યેક જન્મમાં) મળવાનું જ છે. શરીર દુર્લભ નથી, ધર્મ દુર્લભ છે ; તે ક્યાંથી મળશે ? સંખ્ય, અસંખ્ય કે અનંત જન્મો પછી મળેલો ધર્મ એળે જાય તે કેમ પાલવે ?

જે શરીરને એક દિવસ છોડવાનું જ છે, તેની ચિંતા શા માટે ? જન્મથી ખવડાવી-પીવડાવી, પાળી-પોષી મોટું કરેલું અને મનમાન્યા પદાર્થોથી પુષ્ટ કરેલું, પાથરવા-ઓઢવા-પહેરવાની મનગમતી સામગ્રી પૂરી પાડ્યા પછી પણ તે અંતે તો દગાખોર જ સાબિત થાય છે ને વાકું થઇને જ બેસે છે. હાંસી-ફજેતી કરાવે છે. રાખમાં પરિણમન પામનારું છે. જીવ હોય ત્યાં સુધી પણ સગાં-વ્હાલાં આપણા રહેતાં-થતાં નથી, તો હંસ (જીવ) નીકળી ગયા પછી આ પીંજરાના કોણ થવાના ? કદાચ બે-ચાર દિવસ મારી પાછળ રોવાનું કાર્ય કરશે. (અલબત્ત, તેઓં મારા મોતના નિમિત્તને પામી શોકમોહનીય કર્મ બાંધશે.) પછી તો મને ભૂલીને સંસારમાં હતા એવા જ પરોવાઇ જશે. મારા નામનું નાહી નાંખશે !

શુભભાવનાની ધારાને આગળ વધારતાં વિચારે છે કે - પૂર્વના મહાપુરુષોની જેમ ભયંકર આપત્તિ અને પીડામાંય ધૈર્યનું આલંબન લઇ આવેલા સંકટને સમતા ભાવે ભોગવી લેવું ઉચિત છે.

પોતાના આત્મા ને શિખામણ આપતાં, પોતાના જ ઉપર આત્માનુશાસન કરતાં કહે છે ; હે ચેતન ! આના કરતાં ઘણાં-ઘણાં સંકટો અને દુઃખો તેં એકવાર નહીં, અસંખ્ય-અનંતીવાર સહન કર્યાં છે. તે પરાધીનપણે વેઠ્યાં છે. નરકની મહાયાતનાઓ આગળ આ કદર્થના, પીડા તો લેશમાત્ર નથી. પોતાના જીવનમાં આવેલાં કે આવતાં તમામ દુઃખોની પાછળ પોતાનાં ભૂતકાલીન કર્મો જ જવાબદાર

છે. જીવો કે પુદ્ગલો (જડ પદાર્થો) તો નિમિત્તમાત્ર છે. નિમિત્તોને દોષ દેવો તે કેવલ મૂર્ખાઇ છે. હે જીવ ! તેં પોતે સંસારના પરભ્રમણમાં ચારેગતિમાં અનંતી વેદના, અનંતીવાર સહી છે. તે વેદનામાં સામાને દોષિત ગણવાના કારણે તેં તે જીવો સાથે શત્રુતા ઊભી કરી. તારા મનને દુર્ધ્યાનથી દૂષિત બનાવી ભયંકર ક્લિષ્ટ કર્મો બાંધ્યાં. તે ભોગવતાં તારે લાખો-કરોડો ભવ કરવા પડ્યા. તે તે ભવોમાંય તે કર્મોને સમતાભાવે, સ્વાધીનપણે ન સહેવાના કારણે હાય-વોય કરી નવાં નવાં કર્મો બાંધ્યાં. ભવભ્રમણ ચાલુ જ રહેવા પાછળ આ પણ એક મહત્ત્વનું કારણ છે.

કોઇપણ જનમમાં, કોઇપણ નાની-મોટી પીડા-વેદના ઊભી થાય તેમાં પોતાનાં જ ભૂતકાલીન અશુભકર્મો જવાબદાર હોય છે. બાકી અંતે તો સત્યનો જ વિજય થવાનો છે. આખરે સત્ય તો બહાર આવશે જ. કુદરતને ક્યારેય અન્યાય પસંદ હોતો નથી. ન્યાયરૂપ સત્યને બહાર આવતાં સમયની રાહ જોવી પડે કે ધીરતા રાખવી પડે, તે વાત જુદી છે. માટે જ તો સંસ્કૃતમાં કહેવાય છે : 'સત્યમેવ જયતે'. સત્યનું ગળું ટૂંપવાની ઓકાત કોઇની નથી. **સત્યને વળગી રહેનારો કે સત્યને જ આગળ કરનારો પોતાનું ભવિષ્ય સુધારે છે, જ્યારે અસત્યને આગળ કરીને કે અસત્યનો આશ્રય લઇ પોતાનો બચાવ કરનારો કે સ્વાર્થ સાધનારો જીવ પોતાનું ભવિષ્ય બગાડે છે.** પોતાના ઉજ્વળ ભવિષ્યને અંધકારમય બનાવે છે. શુદ્ધ સોનાને ગમે તેટલું તપાવે, ઘસે...તેની ચમક-દમક વધતી જ જાય છે. સત્ય સો ટચના સોના જેવું છે.

આગમનું અટલ વાક્ય છે : 'કડાણ કમ્માણ ન મુક્ખો અત્થિ' - અર્થાત્ કરેલાં કર્મોને ભોગવ્યા સિવાય કોઇને છૂટકો નથી. આ વિચારણા કરતાં સુદર્શન એ નિર્ણય ઉપર આવી ગયા કે મારે પણ આ સંકટને સમતાપૂર્વક ભોગવી લેવું - એ જ કલ્યાણકર છે. એમાં જ મારી ભલાઇ છે. જૈનધર્મની પ્રાપ્તિ અને શાસ્ત્ર (જિન) વચનોની સફળતા પણ એમાં જ છે. આવા અવસરે જ જો આત્મા અને મન જિનવચનોથી ભાવિત ન બની શકે તો એનો મતલબ શું ? વિશિષ્ટ પુણ્યના ઉદયથી મળેલી એ સામગ્રીની સફળતા કઇ રીતે ગણાય ?

બહારથી આ દૃશ્ય જોનારા સૌને ઉચાટ હશે, ભિન્ન - ભિન્ન વિચારોની યાત્રા સૌનાં મનમાં ચાલતી હશે... પરંતુ સુદર્શન તો બહારથી ભયપીડિત નથી...એટલું જ નહીં, અંતરમાં અનુપમ આનંદ માણે છે. કર્મને ખપાવવનો અપૂર્વ અવસર મળ્યાની પ્રસન્નતા વદન પર વંચાઇ રહી છે ! શરીરમાં, મોં પર ક્યાંય કંપારી કે ખેદ જોવા નથી મળતાં.

જેમ જેમ શૂળીની સજાનો સમય નજીક આવતો ગયો તેમ તેમ સુદર્શન શ્રાવકની શુભવિચારણા અને શુભ (ધર્મ) ધ્યાનની ધારા વેગ પકડતી ગઇ. આંતરિક



પરિણતિનો ગ્રાફ વધુ ને વધુ ઊંચો ચઢતો જાય છે. બહારની દુનિયાથી જાણે સંન્યાસ લઇ લીધો હોય તેમ શરીર, પરિવાર, ધન-મિલકતનો વિચાર છોડી માત્ર અંદરના શુભ અધ્યવસાયો સાથે સબંધ બાંધ્યો છે. પરલોક માટે શુભપરિણતિ જ કામ આવનાર છે, એમ વિચારી તેના જ લક્ષ્ય સાથે શુભ પરિણામની ધારાને જ આગળ વધારી રહ્યા છે. કોઇક નાનો પણ અશુભવિચાર પોતાની શુભઅધ્યવસાયની ધારાને ખંડિત ન કરી દે તેની પૂર્ણ તકેદારી રાખી રહ્યા છે. પર્વતારોહાણ કરનારો આરોહક જેટલી સાવધાની બગડે તો પરલોક બગડે. પરલોક બગડે ત્યારે કેટલાય ભવ બગડે...મૃત્યના સમયે જે રાખે તેના કરતાં ખૂબ વધારે સાવધાન સુદર્શન શેઠ બની ગયા છે. રાખે તેના હરતાં ખૂબ વધારે સાવધાન સુદર્શન શેઠ બની ગયા છે. પરિણામ ભાવ-પરિણામ-લેશ્યા હોય તે જ ભાવાદિ નવા જન્મમાં સાથે જીવ લઇ જાય છે. મતલબ, તે ભાવ નવા ભવમાં હોય છે.

શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે કે - જીવનમાં અંત સમયે જેવી મતિ હોય તે પ્રમાણે ગતિ પ્રાપ્ત થાય છે. આનો અર્થ એ છે કે - અંત સમયે ધનાદિના કે તીવ્ર હિંસાદિ રૌદ્રધ્યાનરૂપ વિચારો (મતિ) હોય તો જીવ નરકમાં ચાલ્યો જાય છે. શરીર વગેરેની ચિંતારૂપ આર્તધ્યાનમાં જીવ હોય તો તિર્યંચ ગતિમાં જન્મ પામે એંછે. શુભધ્યાન-વિચારમાં હોય તો તે માનવ; દેવગતિ પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શન વિના માત્ર શુભભાવમાં હોય તો માનવનો ભવ મેળવે છે.

આવાં શાસ્ત્રવચનોને દિલમાં પ્રતિષ્ઠિત કર્યા છે તેવા આ સુદર્શન શ્રાવક મોતની નહીં. પરલોક ન બગડે તેની સાવધાની રાખી રહ્યા છે. અર્થાત્ મોતનો ડર કે મોતની ચિંતા ધર્માત્માને ક્યારેય હોતી નથી. મોત આવે ત્યારે હાય-વોય, દુર્ધ્યાન, અસમાધિ, અન્યજીવો પ્રત્યે ક્રોધ-દ્વેષાદિ કાષાયિક ભાવ, કાયા કે સંસારની માયાનો રાગ-આસક્તિ વગેરે ભાવોથી મનના પરિણામ ન બગડી જાય ; તેની ચિંતા હોય છે. ટૂંકમાં કહીએ તો મોતને અટકાવવાની નહીં. મરણને સુધારવાની (સમાધિમય બનાવવાની) મહેનત તેઓની હોય છે. શાસ્ત્રોમાં જે મોતનાં સત્તર (૧૭) પ્રકાર બતાવ્યાં છે તેમાં કેટલાંક મોત દુર્ગતિદાયક અને જન્મ-મરણની યાત્રા વધારનારાં છે. તેવું મરણ ન આવી જાય તેની તકેદારી સમ્યગ્દૃષ્ટિ - જ્ઞાની આત્માને સતત હોય છે, સાથે પરલોકના સાથી ગણાતા નવકારના સ્મરણમાં લીન બની ગયા.

રાજાના કોપનો ખોફ સુદર્શન ઉપર ઠલવાયેલો છે. રાજાએ આરક્ષકોને કરેલી આજ્ઞા મુજબ તેઓએ શૂળીની નજીક આવ્યા પછી માનસિક ત્રાસ આપવા માટે હલકા-અપમાનજનક શાબ્દિક પ્રહારો કરવા માંડ્યા. મહાત્મા જેવું જીવન જીવી રહેલા મહાશ્રાવકની કદર્થના અને નિર્ભત્સર્ના કરવા લાગ્યા. શૂળીની રજા કરાનાર

જીવો તેવા હલકા કુળના (નીચગોત્રના ઉદયવાળા અને નીચ,નિંદ્ય કાર્યો કરનારા) હોવાથી તેમની ભાષા અને શબ્દો કેવા અધમ હોય તે તો સમજી શકાય તેમ છે. તેમણે શાબ્દિક પ્રહારોમાં શું બાકી રાખ્યું હશે ?

શાબ્દિક પ્રહારો પૂરા થવા છતાં સુદર્શનનું મૌન વધારે અકળાવનારું બન્યું. તે રક્ષકો (કે મારકો ? ) નો ગુસ્સો બમણો-ત્રણગણો થઇ ગયો. વેદનાની ઝડીઓ વરસાવી. શારીરિક-માનસિક તમામ વેદના આપ્યા બાદ સુદર્શનના ગળે ફાંસો નાંખી શૂળી પર ચઢાવી દીધા !

શૂળી ઉપર ચઢાવતાં જ તેઓના શીલધર્મનાપ્રભાવે શૂળીનું સિંહાસન બની ગયું ! મતલબ, શૂળીની જગ્યાએ દેવતાઇ પ્રભાવથી સિંહાસન આવી ગયું...અને મહાશ્રાવક સુદર્શન સિંહાસન પર નશીન થયેલા જોવા મળ્યા ! અજબ અને આશ્ચર્યકારી ઘટના જોઇ લોકો તાજુબ થઇ ગયા ! ન કલ્પી શકાય તેવી વાત છે. આવું કઇ રીતે બની શકે ? અસંભવ ગણી શકાય તેવી ઘટના છે.

સિંહાસન મોતનું કારણ બન્યું હોય, કદર્થનાનું સાધન બન્યું હોય, શારીરિક -માનસિક ત્રાસનું નિમિત્ત બન્યું હોય તેવું સંભળાય-સમજાય છે. પરંતુ શૂળી કે જે સ્પષ્ટપણે મોતનું જ કારણ ગણાતું હોય તે સુખ-આનંદનું સાધન બને, શાસનના-ધર્મના જય-જયકારનું કારણ બને તેવું સાંભળવાય ન મળે. આ તો અજબ કહેવાય ! જેની કલ્પનાય ન હોય તે વાસ્તવિક જોવા મળે તે ધર્મના પ્રભાવે દિલમાં રહેલો ધર્મ; દીવો બનીને અંધકારને ચીરીને જગતને પ્રકાશ આપે છે. આ પ્રકાશ એટલો તીવ્ર હોય છે કે જગતના જીવોની અને મિથ્યાત્વવાસિત જીવોની પણન આંખો એનાથી અંજાઇ જાય છે ! ખૂલી જાય છે. (ક્રમશઃ) ધ

## ★ હે વરેણ્ય ગુણનિધિ ! ★★★

**- શ્રીભક્તિદૂત**

હે જગદાનંદદાયી ! તું તો આનંદ-સહજાનંદમાં મહાલે છે. એટલું જ નહીં. દુઃખ શોક-પીડામાં ગળાડૂબ જગતના કર્નવશ જીવોનેય આનંદ પ્રદાન કરે છે. જગતને જે જોઇએ છે, તે વાસ્તવિક તું જ આપી શકે છે. તેનો સાચો માર્ગ બતાવવાનું કાર્ય પણ તું જ કરે છે. જગત સુખ અને આનંદ મેળવવાની ભાવનાથી પુરુષાર્થ તો કરે છે. પરંતુ મિથ્યાત્વ-અજ્ઞાનતા વગેરેના કારણે તેમની પાસે સાચી દિશા નથી. તેઓ ભૂલા ભટકે છે. આવા ભૂલા ભટકેલા જીવો માટે તું જ સાચો રાહબર-માર્ગદર્શક (ગાઇડ) છે. ધ્રુવના તારાની જેમ સાચી દિશા બતાવીને તેં જગત ઉપર અનુપમ-અદ્ભુત-અલૌકિક ઉપકાર કર્યો છે. આવા બેજોડ ઉપકારી હે પ્રભો ! તને લાખ લાખ નમસ્કાર !



હે કિરતાર ! જગતમાં કહેવત છે કે 'માંગ્યા વગર માય ન પીરસે' પરંતુ તું તો એવી માતા છે કે - માંગ્યા મગર પણ આપે છે. તે પણ નિઃસ્વાર્થપણે... બદલાની અપેક્ષા વગર જ. તારા લોકોત્તર ગુણ-ગાન કરવા માટે મારી પાસે શબ્દો જ નથી. માત્ર બાળચેષ્ટા કરું છું. આમ કરતાંય મારાં પાપકર્મો ખપશે ને મને તારા જેવા ગુણો મળશે - એવી ભાવના મને પ્રેરણાનું બળ પૂરું પાડે છે. કોઇના દબાણથી, કોઇના કહેવાથી નહીં, મારા અંતરના અવાજથી તને કહી રહ્યો છું. મારી મતિ અને શક્તિ પ્રમાણે ગુણગાન કરું છું.

હા, ભગવાન ! આ ક્રિયા-પ્રક્રિયા કરવા પાઠળ તારું અદ્ભુતરૂપ જ જવાબદાર નથી...રૂપ તો આખરે નાશવંત છે. શરીર જ જ્યારે નાશવંત હોય ત્યાં રૂપ ક્યાંથી કાયમ રહી શકે ? તારા શાશ્વતા અને જગતના સામાન્ય જીવોના જીવનમાં અપ્રાપ્ય એવા ગુણોથી હું આકર્ષિત થયો છું. બાહ્યરૂપની પાછળ આકર્ષિત થયેલા માનવની-પતંગિયાની કઇ સ્થિતિ થાય છે, તેની મને જાણ છે. રૂપની પાછળ છુપાયેલા રોગ અને દોષ હવે જણાઇ રહ્યા હોવાથી તેનું આકર્ષણ રહ્યું નથી. જેનાં આકર્ષણથી ગુણો પ્રગટ થતા હોય, જીવને અધોગામીને બદલે ઊર્ધ્વગામી બનાવતાં હોય તે સ્વરૂપે આકર્ષણ ઊભું થયું છે.

હે ગુણરત્નાકર ! આપ તો દોષિતનેય ગુણવાન બનાવો છે. જગત તો દોષિતને સજા કરવાની માન્યતા ધરાવે છે. આપ તો નાશવંત ધનાદિનો ત્યાગ કરાવી શાશ્વત આત્મસંપત્તિનું દાન કરો છો. આત્માના રાગરૂપ રોગને ખતમ કરી વિરાગતા અને વીતરાગતા પ્રગટાવો છો. કદરૂપ બનેલા આત્માને રૂપવાન બનાવો છો. સંસારચક્રમાં લટકતા જીવને પોતાના માલિકીના ઘર તરફ જવાનો રસ્તો બતાવો છો. તેમાં સફળ થવાના પુરુષાર્થને સાચી દિશા બક્ષો છો. જીવને ઘોર અંધકારમાંથી ઉજાસ-પ્રકાશ તરફ જવાનો માર્ગ ચીંધો છો. ઊકરડા જેવી દોષોની દુર્ગંધને દૂર કરીને સદ્ગુણોના બાગની સુવાસ પ્રદાન કરો છો.

હે વરેણ્યગુણનિધિ ! મંદાર-પરિજાત કે કલ્પવૃક્ષનાં ફૂલો હોય...નંદનવનનો સર્વશ્રેષ્ઠ બગીચો હોય...આ બધાની સુવાસ અથવા આવાં પુષ્પોનાં મહામહેનતે કાઢેલાં સુંદર અત્તર હોય...આ તમામની સુવાસ તો એક મર્યાદિત પ્રદેશને જ સુવાસિત બનાવી શકે. સીમિત ક્ષેત્ર સુધી જ સુગંધ ફેલાવી શકે...પરંતુ તારા વિશિષ્ટતમ ગુણોની સુવાસ તો ચૌદે રાજલોકમાં ફેલાયેલી છે. સાતમી નરકથી લઇને સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના જીવો આ અનુપન સૌરભને માણે છે. તેના યોગે તે તારા તરફ આકર્ષિત રહે છે. સૂર્યમુખીનું ફૂલ જેમ સૂર્ય તરફ જ પોતાનું મુખ રાખે છે. (ફેરવે છે) તેમ તારા ગુણાકર્ષણથી જીવો તારા તરફ મુખ રાખીને જ રહે છે. સૂર્યમુખીના ફૂલને સૂર્ય તરફ મુખ રાખવા છતાં તેના એકપણ ગુણ મળતા

નથી. જ્યારે તારા તરફના આકર્ષવાળા તો પોતાના આત્માને ગુણોનો ખજાનો બનાવી દે છે ! માટે જ તો તારા અભિમુખ થઈને રહેવાની ભાવના ધરાવું છું. તારા અભિમુખ થયેલો જીવ તારા ગુણોને પ્રાપ્ત કરવાના સામર્થ્યવાળો બને છે. મતલબ અંતે સિદ્ધ સ્વરૂપ ધારણ કરી લે છે !

હે દીનાનાથ ! હું અનાથ છું. એને સમાથ બનાવ, મારી અનાથતાને દૂર કર. મારો હાથ પકડ. હું તારાં ચરણ પકડું છું. તારા ચરણોમાં દેવ-દેવેન્દ્ર-નરેન્દ્ર-વિદ્યાધર આદિ ત્રણે લોકના જીવો નતમસ્તક છે. તારાં ચરણોમાં મને વાસ મળે તોય હું મારું વિશિષ્ટ સૌભાગ્ય ગણીશ. કારણ, તારાં ચરણો મને જગતના મસ્તક પર પહોંચાડે છે. જગતચૂડામણિ બનાવે છે ! અનાથને નાથ બનાવે છે. સેવકને સેવ્ય બનાવે છે. ભક્તને ભગવાન બનાવે છે. તારા પરનો પ્રશસ્ત રાગ મને સંસારના તમામ અપ્રશસ્ત રાગની બેડીઓને તોડાવે છે. તારી ભક્તિ મને મોહરાજાની ગુલામીમાંથી મુક્ત કરાવે છે ! તારી ભક્તિમાં વિશિષ્ટ શક્તિ છે. તારું વાત્સલ્ય કોરી સ્લેટ (પાટી) જેવા મારા મનને શુભભાવોથી ભરી દે છે.

હે કૃપાળુ દેવાધિદેવ ! આપે ઘણાને તાર્યા. ઘણા-ઘણા પાપી-અધમ નાપાક જીવોનો તેં ઉદ્ધાર કર્યો...પ્રભુ ! મારો ઉદ્ધાર ક્યારે કરશો ? મારું કેમ વિસ્મરણ થયું ? આપ તો સર્વજ્ઞ છો. આપના જ્ઞાનમાં હું ન દેખાયો તેવું તો ન જ બને. મને કેમ ન તાર્યો ? શું મારામાં તેવી લાયકાત નથી ? મારી પાત્રતામાં ખામી જણાઈ ? મને લાયક પણ તારે જ બનાવવાનો છે. પાત્રતામાં ખામી જણાતી હોય તો તેય તારે જ દૂર કરવાની છે. હા, મારી એક પ્રાર્થના જરૂર છે. મને અનુકૂળતા-પ્રતિકૂળતા, સુખ-દુઃખ, માન-અપમાન વગેરેને પચાવવાની પાત્રતા આપ. આવી પાત્રતા પ્રાપ્ત થયા પછી રાગ-દ્વેષ ઉપર, ક્રોધાદિ કષાયો ઉપર, નવાં કર્મનાં બંધનો પર ભારે કાપ મુકાઈ જશે. કારણ, રાગ-દ્વેષ અને આગળ વધીને રતિ-અરતિ વગેરે પાપોના ખાડામાં જીવોને ધકેલનારાં તત્ત્વો (દ્વંદ્વો) આ જ છે. આ પાપોના ખાડા દ્વારા જ જીવો દુઃખ-દુર્ગતિ-દોષો-દુર્ગુણોની વણઝાર ઊભી કરે છે.

હે પ્રાણેશ્વર ! તું જ મારા પ્રાણ છે,તું જ મારો ત્રાણ છે. તું જ મારો આધાર છે. તું જ મારું સર્વસ્વ છે. એક શરીરમાં રહેવારૂપ તારો ને મારો સંબંધ અનંત કાળનો છે. અનંતીવાર એક જ શરીરમાં આપણે વસ્યા છીએ. આજ તું અશરીરી (શરીર રહિત) થઈ ગયો. હું ત્રણ-ત્રણ (ઔદારિક - તેજસ - કાર્મણ) શરીરથી ઘેરાયેલો છું. ત્રણમાંથી એક જ ઔદારિક શરીર નજરે દેખાય છે. તે તો રોગ-શોકાદિનું ઘર છે. હે ભગવાન ! સૌથી વધારે પાપ પણ આ શરીરના કારણે (નિમિત્તે) જ થાય છે. મારે પણ અશરીરી જ બનવું છે. શરીરના સુખો પાછળ દુઃખના ડુંગરો ખડકાયેલા છે. ગ્રહણ સમયે રાહુના વિમાન પાછળ ઢંકાયેલા સૂર્ય-ચન્દ્ર નજરે



દેખાતા નથી, તેમ આ દુઃખના ડુંગરો, સુખરૂપી રાહુની પાછળ ઢંકાયેલા હોવાથી દૃષ્ટિગોચર થતાં નથી.

હે કારુણ્યમૂર્તિ ! દુનિયાના અંધકારને અથવા રાત્રિના અંધકારને દૂર કરવા માટે જેમ સૂર્યનાં કિરણો સક્ષમ ગણાય છે. તેમ અજ્ઞાનતારૂપી અંધકારને દૂર કરવા માટે આપ દિનકર જેવા છો. માટે જ લોગસ્સના પ્રારંભમાં જ આપની સ્તવના લોગસ્સ ઉજ્જોઅગરે દ્વારા કરવામાં આવી છે. તે જ રીતે અંતિમ ગાથામાંય આઈચ્ચે અહિયં પયાસયરા કહીને સૂર્યને ઝાંખો બતાવ્યો છે. કારણ, સૂર્ય તો સીમિત સુ ક્ષેત્રને જ પ્રકાશિત કરી શકે છે. તું તો ભગવાન ! સંપૂર્ણ ચૌદ રાજલોક ઊપરાંત અલોકનેય પ્રકાશિત કરનાર ગણાય છે. કેવળજ્ઞાનના પ્રકાશ આગળ લાખો-કરોડો જ નહીં, અસંખ્ય સૂર્ય પણ વામણાં પુરવાર થાય છે ! દુનિયાના તમામ પદાર્થો કરતાં આપના એક-એક ગુણો ચઢિયાતા હોવાથી ક્યાંય તુલના થઈ શકે તેમ નથી !

હે શૂરવીર ! તારી શૂરવીરતાને બાળ જીવો સામે ભલે સિંહ જેવી ગણાવાતી હોય પણ સિંહની સામેય આપે શૂરવીરતા બતાવીને તેં પુરવાર કરી દીધું કે - માત્ર દુનિયાના જીવો કે પદાર્થો સાથે તારી (તારા ગુણોની) તુલના અજ્ઞાની અને બાળ જીવોને સમજાવવા પૂરતી જ છે. હકીકતમાં તો એ ગુણોની હોડમાં કોઈ ઉતરી શકે તેમ નથી. અલબત્ત, આવી ઉપમાઓના વિરોધ કરનારાય તારા ભક્તો છે. તેઓનું કહેવું છે કે - આપ આવી તુચ્છ-હલકી-નબળી ઉપમા આપીને મારા ભગવાનનું અવમૂલ્યન (ડી-વેલ્યુએશન) કરો છો. નાના બાળકને સાગરની વિશાળતા બતાવવા બે હાથ પહોળા કરવા જેવી આ ચેષ્ટા છે.

હે નિર્વેદી ! આપ તો મન-વચન-કાયાથી સંપૂર્ણ બ્રહ્મચારી હતા. ભોગાવલી કર્મને ખપાવવા માટે જ આપની ઈન્દ્રિયો અને મનનો ઉપયોગ થતો હતો...છતાં અથવા તે જ કારણે નવાં કર્મો આપને અડતાં-આભડતાં ન હતાં ! આપ તો ભોગની વિપુલ સામગ્રી વચ્ચે અનાસક્ત હતા...જ્યારે અમારી હાલત એવી છે કે ભોગની સામગ્રી નહીંવત્ અને તુચ્છ હોવા છતાં આસક્તિ ઘટતી નથી. આ હાલતે જ અમને ભોગના ભિખારી બનાવી દીધાં છે ! ભોગના ભિખારી શ્રીમંત હોવા છતાં હંમેશ ભીખ માંગતા જ દેખાય છે. ભોગની સામગ્રી મેળવવા કાયમ લાલાયિત હોય છે. સામગ્રી મળતાં જ લીન અને આસક્ત જણાય છે. આવી આસક્તિ જ અમારા જેવા પાપી અને પામરજીવોને સંસાર પરિભ્રમણ કરાવે છે. દુઃખની ઊંડી ખાણોમાં પટકે છે.

હે નિષ્કષાયી ! આપ કષાયરહિત થયા માટે જ સંસારથી મુક્ત થયા. કષાયોનાં કારણે જ સંસાર લીલોછમ રહે છે ને વિસ્તાર પામે છે. જીવ એમાં

અથડાય - કુટાય છે. કષાયોના યોગે બંધાયેલાં કર્મો અમારા જ્ઞાન અને વિવેકને નાકામ બનાવી દે છે. મતલબ, અમને ધર્મથી દૂર-સુદૂર લઇ જઇ અમારી પાયમાલી સર્જે છે, ખાનાખરાબી કરે છે. દશમા ગુણસ્થાન સુધી આ કષાયો અમને પીડા આપવા માટે સતત પીછો કરે છે. કર્મબંધના મુખ્ય ચાર (કે પાંચ) કારણોમાં ત્રીજો નંબર આ કષાયનો જ છે. કવેળજ્ઞાનની પ્રાપ્તીની થોડી ક્ષણો પહેલાં સુધી રહેનારા આ દુશ્મનો આદુ ખાઇને પાછળ પડ્યા હોય તેવી હાલત અમારી બનાવી દે છે.

હે નિર્વિકારી ! અમારા તનમાં વિકાર, મનમાં વિકાર, તમામ ઇન્દ્રિયોમાં વિકાર ભરેલો છે. તું તો રોગ-રાગ રહિત હોવાના કારણે તારું શરીર નિર્વિકારી, તારા મનમાં માત્ર શુભ વિચારો છે, તારું ધ્યાન પણ માત્ર શુભ છે ને તારી લેશ્યા પણ વિશુદ્ધ હોવાથી તારું મન નિર્વિકારી છે. તે જ રીતે તારી ઇન્દ્રિયો પણ વિષયોની વાસના રહિત છે. ખાવા-પીવાદિની તમામ ક્રિયાઓ કરવા છતાં તારી ઇન્દ્રિયો ઉપર તેવા પ્રકારનું નિયંત્રણ અને તેવા પ્રકારના વિચારો છે કે જેના કારણે તારી તમામ ઇન્દ્રિયો પણ વિકાર રહિત છે. અમને વિષયો ન મળવા છતાં મતલબ ઇન્દ્રિયોને ખોરાક ન મળવા છતાં અમારો આત્મા વિકારી બની જાય છે. તારી આ અજબની નિર્વિકારી દશાને લાખ લાખ વંદન ! તારા નિર્વિકારપણાના કારણે જ રાજ-પાટ અને વિષયોનો ભોગવટો હોવા છતાં પાપકર્મનો બંધ થતો નથી, માત્ર કર્મ ખપાવવાનું જ કાર્ય થાય છે.

હે વિદેહી ! આપ અંતિમ જન્મમાં દેહમાં વસવા છતાં દેહથી પર હતા. દેહના રાગ રહિત હતા. દેહની કે દેહનાં અંગોપાંગથી ચિંતા આપે નથી કરી. તે જ કારણે દેહ-શરીર કે ઇન્દ્રિયોના સંપર્કમાં આવનારા સંબંધો કે પદાર્થો પ્રત્યે ગમો કે અણગમો નહોતો. તેથી જ તેના દ્વારા અન્ય જીવો કર્મ બાંધતા હોય છે...આપ તો કર્મોની નિર્જરા કરતા હતા. કર્મ બાંધનારા અમારા જેવા જીવો જડની પ્રીતિવાળા હોય છે. આપ જડથી વિરાગભાવવાળા-અનાસક્ત હતા. આપ આત્મપ્રેમી હતા, તેથી શરીરની ક્રિયાઓ આત્મ-સ્નાન માટે જ થતી હતી. આપ સંસાર સાધક નહીં. અધ્યાત્મના સાધક હતા. સંસારની ક્રિયા કરવા છતાં આપનું અધ્યાત્મ ધવાતું નહોતું !

હે નિરોગી ! અમારું શરીર રોગોનું ઘર છે. અમારું ઔદારિક શરીર એટલે ૫,૬૮,૯૯,૫૮૪ રોગોને રહેવાનું સ્થાન. આપ તો જન્મથી જ ચાર અતિશયવાળા હોવાથી રોગરહિત શરીર ધરાવતા હતા. તેથી આપને તો સ્નાનની જ જરૂર પડતી નહોતી. અમારી કાયા તો રોજ સ્નાન કરાવવા છતાં ગંદી ને ગંદી જ રહે છે. રોગ તો નહોતા સ્પર્શી શકતા, તેમ આપના શરીરને પ્રસ્વેદ-પશીનો પણ સ્પર્શી શક્તો નહોતો ! મેલરહિત -મળરહિત આપનો દેહ હતો. અમારા શરીરને ગમે તેટલું



ન્હવડાવીએ, ગમે તેવા સાબુ લગાવીએ તોય બીજી જ ક્ષણે મેલ વળગી જાય છે. આપને શરીર પર ક્યારેય કાંઇપણ સુગંધી દ્રવ્ય લગાવવાથી જરૂર નહોતી પડતી. કાયમ સુગંધી કાયા રહેતી. તે જ રીતે આપના શ્વાસોશ્વાસ પણ સુગંધી હતા. આપના તીર્થંકર નામકર્મનો આ પ્રભાવ માત્ર ભક્તોને જ નહીં, જગતના જીવમાત્રને આકર્ષિત કરનારો અને આશ્ચર્ય જગાડનારો હતો.

હે દેવાધિદેવ ! અમે તો કોઇએક દેવ-દેવીને ઉદ્દેશીને કલાકો, દિવસો કે મહિનાઓ સુધી જપ-સાધના-તપાદિ કરીએ તોય તે પ્રસન્ન થતા નથી. દર્શન પણ દેતા નથી. જ્યારે આપના અતિશયથી કરોડ-કરોડ દેવો ચોવીસે કલાક આપની સાથે જ રહે છે...આપનો સાથ છોડતા નથી ! કેવળજ્ઞાનથી લઇ નિર્વાણ સુધી આ ઘટનાક્રમ ચાલે છે. આપના સાતિશાયી પુણ્યનો જ આ પ્રભાવ છે. આપના તમામ અતિશયો અદ્‌ભુત ને આશ્ચર્યકારી હોય છે. આવા અતિશયો માત્ર આપને જ હોય છે. ચક્રવર્તી કે ઇન્દ્રાદિને પણ આવા અતિશયો હોતા નથી ! તને જેટલી ભોગની સામગ્રી મળી, તેં જે ભોગવી તેમાં ક્યાંય તારા યોગ કે અધ્યાત્મ ઘવાયા નથી. સાધનાના કાળમાં તને તપના પારણે ખીર મળી કે લૂખું સૂકું મળ્યું...સ્વાદિષ્ટ પદાર્થો મળ્યા કે નિરસ આહાર મળ્યો...તારી મનઃસ્થિતિ-આત્મસ્થિતિમાં ક્યાંય ફરક નથી પડ્યો ! રાગ-દ્વેષાદિને અવકાશ નથી મળ્યો. સાધનામાં ખલેલ ઊભી નથી થઇ. તારી સાત્ત્વિકતાને ક્યાંય આંચ નથી આવી...આભ ઉંચા એ તારા શુભ-શુદ્ધભાવોને લાખ લાખ અભિનંદન...મને આનો અંશ મળે તોય હું મારી જાતને ધન્ય માનીશ, ન્યાલ થઇ જઇશ.

હે પ્રાણેશ ! આપનું દિલ કરુણાથી પરિપ્લાવિત છે. દયાનો ઝરો છે. નિર્દંભ છે. નિઃસ્વાર્થ છે. આપની આંખોમાંય કરુણા ભરેલી છે. એવી કરુણાદૃષ્ટિ પણ જીવો માટે તારક-ઉદ્ધારક છે. રાગી-દ્વેષી જીવોની દૃષ્ટિમાં ક્યારેક પ્રેમનો અહેસાસ થાય છે, કડવી થાય છે તો ક્યારેક ઝેરનો...ક્યારેક એ નજર મીઠી હોય છે તો ક્યારેક કડવી પણ હોય છે. જગતમાં કહેવત છે : 'માની પણ નજર લાગે' મતલબ, માની નજરમાં પણ મલિનતા હોય છે...તો અન્ય જીવોની તો વાત જ શું કરવી ? જગતમાં ભૌતિક-શારીરિક સંબંધોમાં સૌથી વધારે પ્રેમાળ, હેતાળ, વાત્સલ્યસભર 'મા' ગણાય છે. તેની નજરમાં જો અશુભતા મળે તો શત્રુ વગેરેની નજરમાં શું મળે ? પ્રભો ! તારી નજરમાં તો હંમેશા અમૃત જ વરસતું જોવા મળે છે. પોતાનાં સંતાનો પ્રત્યે જ નહીં, દુશ્મન પર પણ આપ તો કરુણા જ વરસાવો છો. તેને પણ દ્વેષાદિ અશુભભાવોથી જોતા નથી ! મારા પર પણ હંમેશા કરુણાદૃષ્ટિ જ કરશો. કરુણા જ વરસાવશો, એવી પ્રાર્થના કરું છું.

ધ

## ★ જ્ઞાન, જ્ઞાની - ૧ ★★★

- શ્રી ધર્મમિત્ર

જ્ઞાન કોને કહેવાય અને જ્ઞાની કોને કહેવાય ? આ વિષયને એક વિશિષ્ટ દૃષ્ટિકોણથી પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે 'જ્ઞાનસાર' પ્રકરણના પાંચમા અષ્ટકમાં ઉઠાવ્યો છે. અજ્ઞાની જીવ અને જ્ઞાની જીવ વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ કર્યો છે. જ્ઞાની જીવને અને અજ્ઞાની જીવને શેમાં આનંદ આવે છે, તેનું દૃષ્ટાંતપૂર્વક નિરૂપણ કર્યું છે. દૃષ્ટાંત પણ એટલું સ્પષ્ટ અને સુયોગ્ય આપ્યું છે કે જેનાથી બંનેની વાસ્તવિકતાનો ખુલાસો આસાનીથી થઇ જાય.

જ્ઞાનના પણ ભિન્ન-ભિન્ન રીતે અનેક ભેદ જૈનશાસ્ત્રોમાં બતાવ્યા છે. તે સમ્યગ્ હોવા છતાં પરસ્પર કેટલો તફાવત છે, તે ચિત્ર સ્પષ્ટ કર્યું છે. માત્ર આઠ શ્લોકમાં સાર આપવાનો અતુલ્ય પ્રયત્ન પૂ. ઉપાધ્યાયજી મહારાજે કર્યો છે. વિદ્વાનની અગ્રિમ પંક્તિમાં ગણાતા આ મહાપુરુષે શાસ્ત્રીય પદાર્થોને પોતાની લાક્ષણિક શૈલીમાં વર્ણવ્યા છે. પ્રાસાદિક ભાષા, મગજમાં સહેલાઈથી શીરાની જેમ ઉતરી જાય તેવાં દૃષ્ટાંતો અને તર્કોનો ઉપયોગ કર્યો છે. કાશીના ટોચ કોટિના વિદ્વાન બ્રાહ્મણોને હેરત પમાડી દે તેવો વિશિષ્ટ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ આ મહાપુરુષને મળ્યો હતો ! ઘણાનું કહેવું તો એવું છે કે - શ્રુતકેવલીને યાદ કરાવે તેવા જ્ઞાનના ધારક હતા !

તેઓશ્રીના આ ગ્રંથના પઠન-પાઠનથી શ્રદ્ધા અને આચારની મજબૂતાઈ આવે છે. જ્ઞાન અને ક્રિયાનો અદ્ભુત સમન્વય તેઓશ્રીએ આ ગ્રંથમાં કર્યો છે. નવ્યન્યાયના વિષયમાં કદાચ આ મહોપાધ્યાજીની હોડમાં ઊતરે એવું કોઇ થયેલું જણાતું નથી. એક-એક પદાર્થને અદ્ભુત ન્યાય આપ્યો છે. સર્વજ્ઞશાસનનો તેઓશ્રીનો પ્રેમ અને તેની વફાદારીનો ઠેરઠેર પરિચય મળી જાય છે. શાસ્ત્રીય ગૂઢપદાર્થોના રહસ્યો સુધી પહોચવા માટે તેઓશ્રીના ગ્રંથો ચાવીરૂપ છે. જ્ઞાનસાગરમાં ઊતરવા માટે અવતરણિકા (નદી) રૂપ છે. લગભગ ચાર સો વર્ષ પૂર્વે થયેલા તે મહાપુરુષ એક જ્ઞાનયુગના અદ્ભુત તેજ-સિતારા સમાન હતા.

**मज्जत्यज्ञः किलाज्ञाने, विष्टामिव शूकरः ।**

**ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ।।१।।**

**ભાવાર્થ :** જેમ ભૂંડ વિષ્ટા(અશુચિ) માં મગ્ન-મશગૂલ રહે છે, તેમ અજ્ઞાની જીવ અજ્ઞાન-પુદ્ગલદ્રવ્યમાં મશગૂલ રહે છે. જ્યારે હંસ જેમ માનસરોવરમાં મશગૂલ રહે છે, તેમ જ્ઞાની પુરુષ જ્ઞાનમાં-આત્મસ્વરૂપમાં મગ્ન-અતિશય લીન રહે છે.



જેને જેમાં રસ હોય, તેને તેમાં જ લીનતા આવે. રસ વગર જીવ તેમાં તલ્લીન ન બની શકે. ભમરાને રસમાં આસક્તિ હોવાથી તે ફૂલમાં-ફૂલના રસમાં લીન થઇ જાય છે. હરણને સંગીતમાં રસ હોવાથી તેના સૂરોમાં મશગૂલ બની જાય છે. તે જ સમયને સાધી પારધી તેનો શિકાર કરી લે છે. કમળના રસમાં લીન ભમરો સાંજે સૂર્યાસ્ત થતાં, કમળ બીડાવાને કારણે કેદ થઇ જાય છે. તે તે જીવોને પોતાની પસંદ ચીજોમાં રસ હોય છે. દરેકની પસંદગી ભિન્ન ભિન્ન હોય છે. મનપસંદ ચીજ ન હોય તો તેમાં તે જીવને રસ કે આનંદ આવતો નથી. હાથીને સરોવર મળી જાય તો એકવાર એમાં ઊતર્યા બાદ તે બહાર નીકળવાનું નામ લેતો નથી. એટલે કે તે પોતાની પસંદ ચીજમાં ગળા સુધી ડૂબેલો રહે છે.

જ્ઞાની જ્ઞાનમાં લીન-ગળાબૂડ ડૂબેલો રહે છે. જેમ માનસરોવર મળતાં હંસને મજા આવે એવી મજા તેને જ્ઞાનમાં (જ્ઞાન-ધ્યાનમાં) આવે છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે દૃષ્ટાંત બરાબર બંધ બેસે એવું જ મૂક્યું છે. દૃષ્ટાંત સુયોગ્ય હોય તો પદાર્થ જલદી મગજમાં બેસી જાય છે, ગળે ઉતરી જાય છે. અલ્પજ્ઞાની જીવ પણ તે વાતને સરળતાથી સમજી શકે છે.

જ્ઞાન એક એવી ચીજ છે કે એમાં રસ પડી જાય તો ક્યારેય તૃપ્તિ થતી નથી. તેમ કંટાળોય આવતો નથી. વળી, ભાવતું ભોજન મળ્યા પછી ખાવાની લીમીટ (મર્યાદા) હોય છે. વધારે ખાઇ શકાતું નથી. સંગીત ગમે તેટલું વહાલું હોય તોય તે સાંભળતાં થાક-કંટાળો અનુભવાય છે. દુનિયાનાં પાંચ ઇન્દ્રિયોના વિષયો પુદ્ગલરૂપ છે. તેથી દરેકમાં મર્યાદા બાંધવી પડે છે. ખાવા-પીવાની ચીજ હોય, સુવાળાં સ્પર્શ હોય, ગમે તેટલું સુંદર સંગીત હોય, જોવાની મનપસંદ સિરિયલ-નાટક-સર્કસ વગેરે હોય, મનને બહેકાવે એવાં અત્તર-પરફ્યુમ હોય...છતાં ક્યાંક તો અટકવું પડે છે. 'હવે બસ' એવો અંદરથી અવાજ આવે છે. જ્ઞાન એ આત્માનો ગુણ હોવાથી તેના ભોગવટામાં ક્યારેય 'હવે બસ' એવો કંટાળો વગેરે નથી આવતો.

જ્ઞાની ભગવંતો ; જ્ઞાનની એવી મસ્તી અનુભવતા હોય છે કે - કલાકો ક્યાં વીતી ગયા, દિવસો ક્યાં પસાર થઇ ગયા તેની ખબર પડતી નથી. અરે ! વર્ષો જ નહીં, પૂર્વનો કાળ પણ જ્ઞાનની મસ્તીમાં પસાર થઇ જાય છે ! ભગવાનની ૩૫ વાણીના ગુણવાળી દેશના, જે જ્ઞાનરૂપ જ હોય છે,તેના માટે પણ કહેવાય છે ને કે - છ મહિના સુધી લગાતાર દેશના સાંભળવા છતાં થાક - ઊંઘ - કંટાળો આવતો નથી. જીવ એમાં મશગૂલ થઇ જાય છે. આમાં ભગવાનનો અતિશય પણ કામ કરે છે. તિર્યંચને પણ માનવ જેવી જ અનુભૂતિ થાય છે !

સ્વ. પૂજ્યપાદ કર્મસાહિત્યનિષ્ણાત, સિદ્ધાંતમહોદધિ આ.ભ.શ્રીમદ્

વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા આ કાળમાં (નજીકના જ ભૂતકાળમાં થયેલા) પણ દૃષ્ટાંતરૂપ છે. ઘણી રાતો તેઓએ કમ્મપયડિ વગેરેના સ્વાધ્યાયમાં, એક પણ ઝોકાં વગર જાગતા જ પસાર કરી છે !! જ્ઞાન - સ્વાધ્યાયનો રસ કેવો હશે, એ સહજ સમજાય તેવી વાત છે. પૂજાની ઢાળમાં કહેવાયું છે કે 'જ્ઞાનધ્યાન કિરિયા સાધંતાં કાઢે પૂર્વના કાળ...'

આ તો છદ્મસ્થની વાત થઈ...બાકી કેવલિભગવંતો અને સિદ્ધભગવંતોની વાત કરીએ તો તેઓ હંમેશા પોતાના જ્ઞાનાદિ ગુણોમાં જ અનંતકાળ કાઢે છે. કારણ, જ્ઞાનાદિ ભાવપ્રાણ છે. શરીર પુદ્ગલનું હોવાથી તેના ટકાવવા પુદ્ગલ-પૌદ્ગલિક વિષયો-પદાર્થોની આવશ્યકતા રહે છે. શરીર સહિત જીવ (આત્મા) ને ટકાવનાર દશ દ્રવ્યપ્રાણ ગણાય છે. પાંચ ઇન્દ્રિય, મનબળ-વચનકાળ અને કાયબળ તથા શ્વાસોશ્વાસ, આયુષ્ય. આ દ્રવ્યપ્રાણોથી કર્માધીન જીવ શરીર વગેરેને ટકાવવાનું કાર્ય કરે છે. દ્રવ્યપ્રાણ મળવાના બંધ થતાં જ તે જીવનું શરીર શિથિલ થવા લાગે છે. અમુક સમય પછી જીવ આવા શરીરને છોડી પરલોક તરફ પ્રયાણ કરી લે છે.

શરીર રહિત (સિદ્ધભગવંતો) જીવોને દ્રવ્યપ્રાણની જરૂર પડતી નથી. કર્માધીન નથી. એ જીવને કોઈપણ પુદ્ગલનો વળગાડ નથી, બંધન નથી. એવા જીવને ભાવપ્રાણની સતત જરૂર પડે છે. તે ભાવપ્રાણ બહારથી લેવાના નથી. તે માટે વિશેષ પ્રયત્ન પણ કરવાનો નથી. કારણ, ભાવપ્રાણ પોતાના ગુણો જ છે. ગુણો શાશ્વત છે. આત્મા સાથે પારિણામિક ભાવે રહેલા છે. તે આગંતુક નથી. માગેલા કે ખરીદેલાં નથી. પોતાના સહજ ગુણો છે. આ તમામ ગુણોમાં મુખ્ય ગુણ છે: અનંત જ્ઞાન.

આત્મામાં આવા સહજગુણો ૨-૪ નથી. અનંત છે. આ અનંતનો ખજાનો અનંતકાળમાંય ક્યાંથી ખૂટે ? એ માટે જૈનશાસ્ત્રો લખે છે. આત્માના પ્રદેશ અસંખ્ય છે. એક-એક પ્રદેશ પર અનંત-અનંત ગુણોનો શાશ્વત વાસ છે. આ તમામ ગુણો તો હોય જ છે. પરંતુ કર્મના યોગે તે ગુણો ઢંકાયેલા (વિકૃત થયેલા) જોવા મળે છે ! તે તે દોષના કારણે તેમાં વિકૃતિ અનુભવાય છે. સહજ ગુણોને અસહજ બનાવનાર કર્મો જેમ વિવિધ નાચ નચાવે છે. સમભાવ અને સ્વભાવમાં રહેવાવાળા આત્મા પાસે હસવા-રડાવવા વગેરેની અસહજ ચેષ્ટાઓ કરાવે છે.

ટી.વી.ની સ્ક્રીનમાં દેખાતાં અગ્નિ-પાણી વગેરેનાં દૃષ્યોની કોઇ અસર એ સ્ક્રીન કે પડદાને હોય છે ? ના...બસ, એ જ રીતે આત્મદ્રવ્ય ક્યારે શુદ્ધ બની જાય છે, દોષો-દુર્ગુણો ચાલ્યા જાય છે. ગુણોને વિકૃત બનાવનાર કર્માદિનો અભાવ થઈ જાય છે, ત્યારે તે જીવ ઉપર દુનિયાની કોઇ અસર થતી નથી ! વિશ્વમાં ચાલતી ઊથલ-પાથલનો કોઇ પણ પ્રભાવ આત્મા પર પડતો નથી.



અલ્પ જ્ઞાનવાળો જીવ પણ ; જ્યારે પોતાના તે જ્ઞાનનો રસિક બની જાય છે ત્યારે એ પોતાને એક ભિખારી જેવો હોવા છતાં સમ્રાટ માનતો થઇ જતો હોય તો સહજ-નિર્મળ સ્વભાવવાળા ગુણોનો સ્વામી ગણાતો જીવ તો કેવી સમ્રાટનેય ટપી જાય તેવી મસ્તી માણતો થઇ જાય !

સામાન્યપણે કહેવાય છે કે ગોળ ગળ્યો...કેવો ગળ્યો ; એમ પૂછવામાં આવે તો તે પદાર્થને, એના ગળપણને શબ્દોમાં ઉતારી, બીજાને સમજાવવાનું કાર્ય મુશ્કેલ બની જાય છે. (અનભિલાપ્ય ગણાય છે) તેમ આ જ્ઞાનાદિની મસ્તી પણ એવી જ ચીજ છે. અહીં આપેલ દૃષ્ટાંત પરિપૂર્ણ તો નથી જ...માનસરોવરમાં મગ્ન એવા હંસનું દૃષ્ટાંત પણ ; બીજા તેવા દૃષ્ટાંતના અભાવે લેવું પડે છે. બાળજીવોને સમજાવવા માટે એ અયોગ્ય નથી જ ! કારણ, માનસરોવર પણ તેને ક્યારેક કંટાળાજનક લાગી શકે છે. સંસારી જીવને હંમેશા પરિવર્તન ગમે છે. ગમે તેટલાં મનપસંદ ગાડી-વાડી-લાડી વગેરે મળ્યાં હોય તોય ચોવીશ કલાક તેને તે વળગીને રહી શકતો નથી. મુસાફરીનો આનંદ ભલે અન્ય ગાડી કરતાં લક્ઝુરિયસ કારમાં વિશેષ આવતો હોય પણ સતત મુસાફરી થઇ શકે ખરી ?

સુરક્ષા અને સગવડ પૂરી પાડનાર બંગલો પણ ચોવીસ કલાક ગમે ખરો ? પોતાના પ્રાણપ્રિય બાળકને કોઈપણ માતા પોતાના ખોળામાં (ગોદમાં) લઈને હંમેશા બેસી શકે ખરી ? ભૌતિક સુખ-સાધનોમાં ભોગ અને ઉપભોગમાં ક્યાંક તો અટકવું પડે છે. વારંવાર પરિવર્તન લાવવાની ભાવના દિલમાં ઊઠે છે. આધ્યાત્મિકજગતની વાત જ ન્યારી છે. તેમાંય શુદ્ધદશામાં રહેલા આત્માની વાત તો કલ્પનાતીત ગણવી જ રહી ! અનાદિકાળથી ભૌતિક જગતમાં રહેલા જીવને સિદ્ધાવસ્થાના જગતની કલ્પના અઘરી છે. એ અનંત જ્ઞાનીઓને પોતાના જ્ઞાનમાં અજ્ઞાની જીવોની પૂરી કલ્પના, કલ્પના જ નહીં, વાસ્તિકતાની પૂરી જાણકારી હોય છે પરંતુ અજ્ઞાની જીવને જ્ઞાની કે શુદ્ધ આત્મદ્રવ્યની કલ્પના પણ નથી હોતી. તે જ કારણે તેની સ્થિતિ વર્ણવતાં સૂકર-ભૂંડની પરિકલ્પના કરવા પૂર્વક તેની વાસ્તવિકતા રજૂ કરી છે. અજ્ઞાનીને જ્ઞાનમાં નહીં. અજ્ઞાનમાં જ રસ હોય છે. તેની અજ્ઞાનતા કંઈક અંશે તેને આનંદ આપનારી પણ હોઈ શકે છે.

ભગવાનના સમવસરણની બહાર ૩૬૩ પ્રકારના પાખંડીઓ હોય છે,જે ભગવાનની દેશના સાંભળવા આવનાર જીવોને અષ્ટં-પષ્ટં સમજાવીને ભગવાનથી દૂર રાખવાનો પ્રયત્ન કરે છે. હા, તેમાં તેમને ક્યારેક સફળતાય મળે છે. આ ૩૬૩ પ્રકારમાં ક્રિયાવાદી, વિનયવાદી, અજ્ઞાનવાદી વગેરે જીવો હોય છે. તેમાં અજ્ઞાનવાદી પાખંડીઓ અજ્ઞાન રહેવામાં જ મજા છે. અજ્ઞાનતા જ કલ્યાણનું કારણ છે, એવું મિથ્યાત્વના યોગે માને છે અને એનો પ્રચાર પણ જોર-શોરથી કરે છે.

મિથ્યત્વનું કાર્ય જ છે સ્વયંને સત્યથી દૂર રાખવાનું અને જરૂર પડે તેનો જ પ્રચાર કરાવવાનું...આ જીવો મોહાંધ ગણાય છે. અજ્ઞાન-મોહ-રાગ-લોભ-વગેરે તત્ત્વો જીવને અંધત્વ પ્રદાન કરે છે. સમ્યગદર્શન અને સમ્યગ્જ્ઞાન નામનું અંજન જ એનાં અંધત્વને દૂર કરી શકે છે.

રાગાદિ ભય પેદા કરે છે. વૈરાગ્ય નિર્ભયતાનું દાન કરે છે. રાગાદિ વિષ છે, વિરાગાદિ અમૃત છે, તેમ અજ્ઞાનતા ઝેર સમાન છે, જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) અમૃત સમાન છે. ઝેર મારે છે. અમૃત તારે છે, જીવંત રાખે છે. અમર બનાવે છે.

ચેતન ! જ્ઞાન અજુવાળીએ...(અમૃતવેલ) ની સજ્ઝાયમાં સિદ્ધભગવંતના શરણની વાત કરતાં મહોપાધ્યાયજી લખે છે : **'શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે; ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન-આનંદ ભરપૂર રે...ચેતન'** અહીં જ્ઞાનાનંદની જ વાત મૂકી છે. અનંતાનંત ગુણ સિદ્ધભગવંતોના પ્રગટપણે હોવા છતાં મહત્ત્વના-મુખ્ય ગુણ તરીકે અને ભરપૂર આનંદ આપનાર તરીકે આ જ્ઞાનગુણને જ મૂક્યો છે.

વળી, એ જ સજ્ઝાયની ૨૪ મી ગાથામાં જણાવે છે કે **'દેહ-મન-વચન-પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે; અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે...ચેતન.'** અહીં પણ જ્ઞાન-આનંદને સ્વરૂપ તરીકે વર્ણવ્યો છે. પર-રૂપ કે વિભાવરૂપે નહીં. ભૌતિક પદાર્થોનો આનંદ એ સ્વરૂપ આનંદ નથી. પર-રૂપ એટલે કે પારકા-પરાયારૂપે છે. ઊછીનો લીધેલો છે. તેનો આનંદ ક્ષણિક જ હોય છે. પોતાનું હોય તેને કોઇ છીનવી ન શકે. નષ્ટ પણ ન થાય.

આપ સ્વભાવની સજ્ઝાયમાં પણ કહ્યું છે કે **આપ સ્વભાવમાં રે અવધૂ ! સદા મગન મેં રહના...**હંમેશા પોતાના સ્વભાવમાં મગ્ન રહી શકાય છે. પરભાવમાં હંમેશા સ્થિર-મગ્ન ન જ રહી શકાય. જ્ઞાન મેળવીને જાતને ઓળખવાની છે. સ્વને ઓળખ્યા વગર સ્વભાવમાં સ્થિરતા ક્યાંથી આવે ? સ્વભાવનો અને પરભાવનો પરિચય મેળવી સ્વભાવ તરફ આગળ વધવાનો સત્પુરુષાર્થ કરીએ,એ જ મંગલ કામના.

(ક્રમશઃ) ધ

**તા. ૨૧-૭-૨૦૨૧**

**બેંગલોર,અત્તિબેલે,**
**શ્રીપાર્શ્વસુશીલધામ**
**સુરાણાનગર**

આચાર્યવિજયભવ્યદર્શનસૂરિ તરફથી,

ધર્માનુરાગિણી સુશ્રાવિકા અંજુબેન આદિ સહપરિવાર યોગ્ય ધર્મલાલ. દેવ-ગુરુપસાયે સુખશાતા છે.

બાબુ અમીચંદ પનાલાલ પરિવારના રત્ન, શાસનના કર્મઠ કાર્યકર સુશ્રાવક



ભરતભાઈના અચાનક થયેલા કાલધર્મના સમાચાર; સુશ્રાવક શ્રેયાંસભાઈનાં ધર્મપત્ની સુશ્રાવિકા રશ્મિબેનના ફોનથી જાણવા મળ્યા. માનવામાં ન આવે તેવા સમાચારથી આંચકો અનુભવ્યો.

જિનશાસન ઉપર શ્રદ્ધાવાન, દેવ-ગુરુ-સાધર્મિકભક્તિ પ્રત્યે વિશેષ રુચિવાળા, બાબુ પરિવારના વારસદાર, બાબુ અમીચંદ પનાલાલ સ્થાપિત શ્રીઆદિનાથ જિનાલય ટ્રસ્ટના વર્ષોથી રહેલા ટ્રસ્ટી અને સુચારુ વહીવટદાર તથા તેના માધ્યમથી વિશિષ્ટ પુણ્યાપાર્જન કરનાર, બાબુ પરિવાર -શ્રીસંઘ તથા શાસનના ગૌરવને વધારનાર, ટ્રસ્ટના માધ્યમથી તથા વ્યક્તિગત અનેક સત્કૃત્યોમાં તન-મન-ધન અને ભાવથી જોડાયેલા, શ્રીસંઘના દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યાદિ દ્વારા અનેક ઠેકાણે સુકૃતોની હારમાળા સર્જનારા, સાલસ સ્વભાવવાળા, સદાપ્રસન્ન જોવા મળતા ભરતભાઈનો સ્વર્ગવાસ કોને માટે દુઃખદ ન હોય ?

વાલકેશ્વરના પ્રાચીન અને વિશાળ ટ્રસ્ટ-સંઘના વહીવટનું કાર્ય; ઘણાં વર્ષો સુધી નિર્વિવાદ અને સક્ષમ રીતે તેમણે ચલાવ્યું. સ્વાભાવિક સરળતા, વિશ્વાસનીયતા વગેરે અનેક ગુણોના કારણે સૌના હૈયામાં વસેલાં હતા. બાબુ પરિવારને જ નહીં; ટ્રસ્ટ-સંઘ અને શાસનને તેમના જવાથી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

કોઈપણ પ્રકારના વિવાદ-વિખવાદ વગર મોટા ટ્રસ્ટ-સંઘને સંભાળવાનું કાર્ય સફળતા પૂર્વક કરવું, એ સામાન્ય ગજાના માનવીનું કામ નથી. ઘણી કોઠાસૂઝ, કુનેહ અને શાસનસમર્પિતતા હોય તો જ સંભવિત બને.

૯-૧૦ વર્ષ - પૂર્વે તેઓ પોતાના ઘરે મને લઈ ગયા હતા. ત્યારબાદ અમદાવાદ વગેરે ઠેકાણે મળવાનું થયું હતું. શ્રેયાંસભાઈ દ્વારા સામાચારની આપ-લે ઘણીવાર થતી, કાયમ કામ-કાજ અવશ્ય પૂછતા. ઘણા આચાર્ય ભગવંતો, શ્રમણ-શ્રમણી ભગવંતો તથા શ્રાવિકશ્રાવિકાગણનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરવાનું કપરું કાર્ય તેઓએ સહજ રીતે અને સ્વાભાવિકપણે કર્યું હતું. એ સિવાય જાહેર ક્ષેત્રમાં આટલાં વર્ષો સુધી પદ-પ્રતિષ્ઠા પર ટકવાનું કાર્ય દુષ્કર છે. માત્ર સત્તા જ નહી, પદ માટે જ નહીં, સેવાની ભાવના હોય, ઘસાવાની ભાવના હોય તો જ આ શક્ય બને.

તમારા પરિવારનું પણ ગૌરવ આ મૂઠી ઊંચેરા માનવીએ વધાર્યું છે. ઘણા-ઘણા જીવોને અનેક રીતે શાતા અને સાંત્વન આપવાનું કાર્ય તેઓએ કર્યું છે. આવાં અનેક સુકૃતો કરીને જીવનને ઉન્નત-સમુન્નત બનાવીને પરલોકની વાટે ગયેલા એ પુણ્યશાળી પાછળ શોક ન કરશો. તેમના ગુણોનું સ્મરણ કરશો. જન્મની પાછળ મૃત્યુ તો અવશ્ય આવે જ છે. અનાદિ-અનંત કાળનો આ અકાટ્ય સિદ્ધાંત છે. બીજી રીતે કહીએ તો જન્મ એ ગુનો છે. મૃત્યુ એની સજા છે. સ્વર્ગતની પાછળ શોક કરવાથી તો નવું શોક મોહનીકાર્ય બંધાય છે, જે ભવિષ્યમાં વિશેષ શોકગ્રસ્ત બનાવશે. (વધુ આવતા અંકમાં) ધ

## ચલાવનારને આધારે ચાલે...

**अंधो नरपतेश्चित्तं, व्याख्यानं महिला जलम् ।**

**तत्रैतानि हि गच्छन्ति, नीयंते यत्र शिक्षकैः ।।**

અંધ માનવ, રાજાનું ચિત્ત, વ્યાખ્યાન (કથા) સ્ત્રી અને પાણીઃ આ પાંચને શિક્ષક જ્યાં લઇ જઇએ ત્યાં (તે બાજુ) ચાલે છે.

- ઉપદેશપ્રસાદ